# સંશોધન નિયામકશ્રીની કચેરી
# આણંદ કૃષિ યુનિવર્સિટી
# આણંદ-૩૮૮ ૧૧૦

## પરિપત્ર

આથી આણંદ કૃષિ યુનિવર્સિટી હસ્તકના વિવિધ સંશોધન કેન્દ્રો પૈકી નવા હસ્તગત થયેલા કેન્દ્રો સિવાયના ઘણા કેન્દ્રો જૂના છે. આ જૂના કેન્દ્રોની જમીનમાં ઘણી જગ્યાએ જમીન પર બિન કાયદેસર દબાણ પણ થયેલા છે. તે ઉપરાંત કેટલાક ફાર્મમાં ગેરકાયદેસર રીતે રાહદારી રસ્તાઓ પણ બનેલા છે. આવા સંજોગોમાં દરેક ફાર્મની જમીનના મૂળ દસ્તાવેજોની ચકાસણી કરી દરેક ફાર્મની સરકારી દફતર ધ્વારા ફેરમાપણી કરવામાં આવે તથા ફાર્મ પર કાયમી બેન્ચમાર્ક ઉભા કરવામાં આવે તે હિતાવહ છે. જેથી યુનિવર્સિટી હસ્તકની જમીન યુનિવર્સિટીના કબજામાં લઈ શકાય. તદ્ ઉપરાંત જમીન વપરાશના ફેરફારના કારણે શેઢાપાળા તથા બેન્ચમાર્કનું સ્થળ પણ બદલાઈ ગયેલ છે. તેથી દરેક ફાર્મની માપણી કરી તેના આધુનિક પધ્ધતિ ધ્વારા નકશા બનાવવાની જરૂરીયાત છે. જેથી યુનિવર્સિટી સ્તરે જમીનનો માપણી રેકોર્ડ ઉભો કરી શકાય. સદર કામગીરી કરાવવાની જવાબદારી જે તે કેન્દ્રના વડાને સોંપવામાં આવે છે. તેના માટે થનાર ખર્ચની ઉગવણી જે તે કેન્દ્રની આયોજીત યોજનાની આવર્તક ગ્રાન્ટમાંથી કરવાનો રહેશે. આ પરિપત્ર યુનિવર્સિટીની કામગીરીના હિતાર્થે બહાર પાડવામાં આવે છે જેથી તેનો ચૂસ્તપણે અમલ કરવાનો રહેશે અને થયેલ કામગીરીનો રીપોર્ટ ત્રણ મહીનામાં પૂર્ણ કરીને આ કચેરીને મોકલવાનો રહેશે.

જા.નં. આકૃયુ/સંનિ/ટી.૧/જમીન/ ૧૨૮૧ /૧૩
તારીખ ૨૩ / ૧૦ / ૨૦૧૩

સંશોધન નિયામક અને
અનુસ્નાતક વિદ્યાશાખાધ્યક્ષ

<u>નકલ રવાના</u> :

૧. આણંદ કૃષિ યુનિવર્સિટીના સર્વે કેન્દ્રો / પેટા કેન્દ્રોના અધિકારીશ્રી / યુનિટ અધિકારીશ્રીઓ તરફ અમલ કરવા સારૂ.
૨. કુલસચિવશ્રી, આ.કૃ.યુ., આણંદ તરફ જાણ થવા સારૂ.
૩. હિસાબી અધિકારી-વ-હિસાબ નિયામકશ્રી, આ.કૃ.યુ., આણંદ તરફ જાણ થવા સારૂ.
૪. કુલપતિશ્રીના રહસ્ય સચિવ, આ.કૃ.યુ., આણંદ તરફ જાણ થવા સારૂ.